---

**રાધનપુર પોલીસ સ્ટેશન પ્ર.મા.અ. ક્રમાંક ૧૧૨૧૭૦૨૭૨૨૦૯૩૮ મુજબના કામે રાધનપુર પોલીસ દવારા કબજે કરેલ મુદ્દામાલ અરજી લગત હુકમ.**

---

**ક્રિ.પર.અ.નં.૨૩૬/૨૦૨૨**
**આંક-૧ નીચે હુકમ.**

(૧) અરજદારની અરજી તથા અરજી સાથે રજુ થયેલ સાધનિક કાગળો વંચાણે લીધા. અરજદાર તરફે વિ.વકીલશ્રી બી.બી.ચૌહાણ તથા વિ.એ.પી.પી. કુ.ટી.એલ.કુરેશીને સાંભળ્યા. અરજદારે હાલની અરજી સી.આર.પી.સી. ની કલમ-૪૫૧ અન્વયે મુદ્દામાલ હિરો કંપનીની SPLENDOR PLUS DRK CAST મોટર સાઈકલ, જેનો આર.ટી.ઓ. રજી. નં.GJ 24 AC 6695 તથા ચેસીસ નં.MBLHA10BWGHA11456 તથા એન્જીન નં.HA10EW GHA64751 છે તે પરત મેળવવા માટે કરેલ છે.

(૨) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારનું માલિકીનું મોટર સાઈકલ રાધનપુર પોલીસે ઈ.પી.કોડની કલમ-૩૭૯, ૧૧૪ મુજબના ગુનાના કામે કબજે કરેલ છે અને કેસની ટ્રાયલ ચાલવામાં સમય જાય તેમ હોય, તેથી વચગાળાની કસ્ટડીરૂપે વાહન પરત મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૩) અરજદાર તરફે તેમના વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, આ કામે અરજદારે નિ.૩/૧ થી એફ.આઈ.આર. ની ઝેરોક્ષ નકલ, નિ.૩/૨ થી વાહનના આર.સી.બુકની ઝેરોક્ષ નકલ, નિ.૩/૩ થી અરજદારના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ તથા નિ.૫/૧ થી સબ જેલ, પાટણના જેલર રૂબરૂ આરોપી રોહિતભાઈ દેવસીભાઈ ચાવડાએ રજુ કરેલ સદર મુદ્દામાલ વાહન બાબતે નો-કલેઈમ પુરસીસ વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે, અરજદાર મુદ્દામાલ વાહનના માલિક છે. સદર કેસની ટ્રાયલ ચાલવામાં વિલંબ થાય તેમ છે અને મુદ્દામાલ વાહન જો આ સમયગાળા દરમિયાન પોલીસ સ્ટેશનમાં પડી રહે તો, તેની મશીનરીને કાયમી નુકશાન થાય અને તેથી મુદ્દામાલ વાહન અરજદારને પરત આપવા વિનંતી કરેલ છે. અરજદાર તમામ શરતોનું પાલન કરવા તૈયાર હોવાની પણ રજુઆત કરેલ છે.

(૪) અરજદારની અરજી સંદર્ભે ત.ક.અધિકારીશ્રીનો અભિપ્રાય મંગાવતા, તેઓએ આ કામના ફરીયાદી સદર મુદ્દામાલ મોટર સાઈકલના સાધનિક કાગળો નામદાર કોર્ટમાં રજુ

કરેથી ફરીયાદીને પરત સોપવા સામે તેઓને વાંધા સરખુ નથી, તેમ જણાવેલ છે. વધુમાં, વિ.એ.પી.પી.શ્રીએ આંક–૧ નીચે સીન કરી સદરહું મુદ્દામાલ અંગે માલિકીપણાની ખાત્રી કરી યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૫) તમામ પક્ષોની રજુઆત તથા આ કામે દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. સદર ગુનાના આરોપી વિશાલભાઈને કાઢવામાં આવેલ નોટીસ આજદીન સુધી પરત આવેલ નથી તેમજ આ કામે રજુ થયેલ અભિપ્રાય, પંચનામું તથા મુદ્દામાલ પાવતી વંચાણે લેતા, સદર મુદ્દામાલ મોટર સાઈકલ આ કામના અન્ય આરોપી રોહિતભાઈ દેવશીભાઈ ચાવડાનાઓ પાસેથી કબજે લેવામાં આવેલ છે અને તેઓએ આ કામે નિ.૫/૧ થી સબ જેલ, પાટણના જેલર રૂબરૂની સદર મુદ્દામાલ વાહન બાબતે નો–કલેઈમ પુરસીસ આપેલ છે. વધુમાં આ કામે અરજદારે મુદ્દામાલ વાહનના આર.સી.બુકની ઝેરોક્ષ નકલ તથા અરજદારના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ અનુક્રમે નિ.૩/૨ અને નિ.૩/૩ થી રજુ કરેલ છે, જેને અત્રેની કોર્ટના રજીસ્ટ્રાર શ્રીએ અસલ ઉપરથી ખરી નકલ કરેલ છે. આ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા, મુદ્દામાલ વાહન અરજદારની માલિકીનું હોવાનું પ્રથમ દર્શનિય રીતે જણાય આવે છે. વધુમાં, આ વાહન અરજદારના રોજીંદા ઉપયોગનું સાધન છે અને તેથી તેમને પરત આપવુ જોઈએ. કેસની ટ્રાયલ ચાલવામાં સમય વ્યતિત થાય તેમ જણાય છે. તેથી નામદાર સુપ્રિમ કોર્ટે **સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નં.૩૦૭** ઉપર પ્રસ્થાપિત થયેલ જજમેન્ટમાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ મુદ્દામાલ વાહન શરતોને આધિન અરજદારને પરત સોપવુ ન્યાયોચિત જણાય છે, તેથી નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**– : <u>હુકમ</u> : –**

અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે. અરજદાર ઠાકોર વશરામભાઈ વિરચંદભાઈ, ઉ.વ.આ.૫૬, રહે.ઠાકોરવાસ, બંધવડ, તા.રાધનપુર, જી.પાટણનાએ મુદ્દામાલ પાવતીમાં તથા પંચનામામાં જણાવેલ કિંમતની દોઢી રકમના બોન્ડ તથા તેટલી જ રકમના જામીન તપાસ કરનાર અમલદારશ્રી સમક્ષ રજુ કર્યેથી, રાધનપુર પોલીસ સ્ટેશન પ્ર.મા.અ. ક્રમાંક ૧૧૨૧૭૦૨૭૨૨૦૯૩૮ મુજબના કામે રાધનપુર પોલીસે કબજે કરેલ મુદ્દામાલ હિરો કંપનીની SPLENDOR PLUS DRK CAST મોટર સાઈકલ, જેનો આર.ટી.ઓ. રજી. નં.GJ 24 AC 6695 તથા ચેસીસ નં.MBLHA10BWGHA11456 તથા એન્જીન નં.HA10EW

GHA64751 છે તે વચગાળાના હુકમથી નીચેની શરતોએ અરજદારને સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો : –**

(૧) અરજદારે સદરહું મુદ્દામાલ વાહન કોર્ટ જયારે અને જયાં મંગાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનું રહેશે.

(૨) અરજદારે સદરહું મુદ્દામાલ વાહનના મુળ સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહી, માત્ર રીપેરીંગ કામકાજ કરાવી શકશે.

(૩) અરજદારે સદરહું મુદ્દામાલ વાહન કેસની ટ્રાયલ ચાલે તે દરમિયાન કોઈને તે તબદીલ કરવુ–કરાવવુ નહી.

(૪) અરજદારે સદરહું મુદ્દામાલ વાહનનું સરકારી લેણું, ટેક્ષ, વિમો વિગેરે નિયમિત ભરપાઈ કરવાનું રહેશે.

(૫) જો અરજદારે વાહનની વિમા પોલીસી લીધી ન હોય અથવા વિમા પોલીસી પૂર્ણ થઈ હોય તો તેઓને વાહન સોપ્યેથી ૧–માસમાં વિમા પોલીસી લઈ, રીન્યુ કરાવી તેની નકલ આ કેસમાં રજુ કરવી.

(૬) ત.ક.અધિકારીશ્રીએ અરજદારને મુદ્દામાલ વાહન સોંપતા પહેલા તેનું પંચનામું કરવુ અને તેની નકલ આ કામે રજુ કરવી.

(૭) અરજદારે સદરહું મુદ્દામાલ વાહન કોઈ ગુનાહિત કૃત્યમાં વપરાય નહી તેની કાળજી રાખવી.

(૮) અરજદારે જામીન તથા બોન્ડ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાના રહેશે.

– હુકમ અંગેની યાદી રાધનપુર પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તા.**૧૬** મી માહે **નવેમ્બર** સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૧૧/૨૦૨૨
રાધનપુર

(મનિષ ભરતભાઈ નિમાવત)
કોડ નં.જીજે ૦૯૭૧
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
રાધનપુર

જી.એચ.ઓઝા,
ગુજ.સ્ટેનો.